દિવ્ય ભાસ્કર

રંગત-સંગત

રવિવાર 19 સપ્ટેમ્બર 2021

ડિજિટલ ડિબેટ | સુખનું સરનામું | ઇટ્સ કોમ્પ્લિકેટેડ
મારી વાર્તા | એક્સપ્લોર ઇન્ડિયા | ઇતિહાસ ગવાહ હૈ
પોઝિટિવ પેરેન્ટિંગ | મનન કી બાત

VISIT…

દિવ્ય ભાસ્કર | રંગત • સંગત | ડિજિટલ ડિબેટ

કોરી પાટીવાળા પ્રધાનોનો પ્રયોગ સફળ થઈ શકે છે

- જયવંત પંડ્યા

અ-ખતરામાં ખતરો ટાળવાની વાત જ મુખ્ય હોય છે

- દિલીપ ગોહિલ

ગુજરાતમાં ભાજપની 'નો રિપીટ' થિયરીથી કોઈ ફાયદો થશે ખરો?

મૂળ મુદ્દો શાસનવિરોધી જુવાળ જન્મ્યો હતો તેને ખાળવાનો છે. 2022ની ચૂંટણીમાં નુકસાનીનું જોખમ, ખતરો દેખાયો તેને ટાળવા માટેનો જ આ પ્રયોગ છે. ખતરો ટાળવા માટેનો અ-ખતરો. પણ કરી શકાય છે. પ્રયોગો કરવા જોઈએ. અનિશ્ચિતતા હોય ત્યારે નુકસાન વધુ નહીં થાય તેની સાવચેતી લઈને અખતરા કરી શકાય.

બોલ્ડ ડિસિઝનની બોલબાલા હોય છે, કેમ કે તેનાથી ફાયદો થાય ત્યારે તે કેસ સ્ટડી બને છે. પરંતુ કહેવાતા બોલ્ડ ડિસિઝનથી અનેક વહાણો ડૂબી ગયાના પણ દાખલા છે, પણ તેના રડ્યાખડ્યા કેસ સ્ટડી જ થાય છે. સફળતાને ગાઈ વગાડીને કહેવામાં આવે છે, નિષ્ફળતા ભૂલવાડી દેવામાં આવે છે. કામરાજ યોજના તરીકે જાણીતો એક પ્રયોગ (વળી બોલ્ડ પણ ખરો) કોંગ્રેસે કરેલો. આગળ જતા પ્રાદેશિક પક્ષો પેદા થયા અને જ્યાં પ્રાદેશિક પક્ષો બન્યા ત્યાં કોંગ્રેસ આજેય બેઠી થઈ શકી નથી. એટલે આ પ્રયોગ સફળ રહેશે તો ઐતિહાસિક ગણાશે, સફળ નહીં થાય તો ભૂલવાડી દેવાશે.

જયવંત પંડ્યા (JP): નો રિપીટ થિયરી અંતર્ગત ગુજરાતમાં વિજય રૂપાણી પ્રધાનમંડળને સાવ કોરાણે મૂકી દેવાયું. સોએ સો ટકા પ્રધાનો બદલી નખાયા. આ બહુ હિંમતપૂર્વકનો પ્રયોગ છે. આવું ગુજરાતમાં અને કદાચ દેશમાં પહેલીવાર બન્યું છે. આ કામ વડા પ્રધાન નરેન્દ્ર મોદી જ કરી શકે, કારણ કે ચૂંટણી માથે હોય અને આ રીતે સમૂળગો ફેરફાર કરવો તેનાથી પક્ષની અંદર અસંતોષ અને કદાચ આગળ ચાલીને બળવો પણ થઈ શકે. નરેન્દ્ર મોદીને એથી જ ચાણક્ય કહેવાય છે. તેમની રાજકીય સૂઝબૂઝ અને આવા પ્રયોગો અત્યાર સુધી સાચા પડતા આવ્યા છે. તેઓ પ્રયોગો કરવા માટે જાણીતા છે. દિલીપ ગોહિલ

દિલીપ ગોહિલ (DG): બોલ્ડ ડિસિઝનની બોલબાલા હોય છે, કેમ કે તેનાથી ફાયદો થાય ત્યારે તે કેસ સ્ટડી બને છે. પરંતુ કહેવાતા બોલ્ડ ડિસિઝનથી અનેક વહાણો ડૂબી ગયાના પણ દાખલા છે, પણ તેના રડ્યાખડ્યા કેસ સ્ટડી જ થાય છે. સફળતાને ગાઈ વગાડીને કહેવામાં આવે છે, નિષ્ફળતા ભૂલવાડી દેવામાં આવે છે. કામરાજ યોજના તરીકે જાણીતો એક પ્રયોગ (વળી બોલ્ડ પણ ખરો) કોંગ્રેસે કરેલો. મોરારજી દેસાઈ, લાલબહાદુર શાસ્ત્રી સહિતના નેતાઓ અને સાત મુખ્ય પ્રધાનોને હટાવી દેવાયા હતા. એ ખેલનો છેડો ઈન્ડિકેટ-સિન્ડિકેટમાં આવ્યો હતો અને ઈન્દિરા ગાંધીએ મોકો જોઈને સૌને સાફ કરી નાખ્યા હતા. પછી શું થયું? આગળ જતા પ્રાદેશિક પક્ષો પેદા થયા અને જ્યાં પ્રાદેશિક પક્ષો બન્યા ત્યાં કોંગ્રેસ આજેય બેઠી થઈ શકી નથી. તેને યાદ નથી કરાતું, યાદ કરાય છે ગરીબી હટાવવાનો નારો. વિદેશી હાથનો ભય બતાવવાનો અને 'મૈં કહેતી હૂં ગરીબી હટાઓ, વે કહેતે હૈ ઈન્દિરા હટાઓ'ના નારાની સફળતા જ યાદ રખાય છે. એટલે આ પ્રયોગ સફળ રહેશે તો ઐતિહાસિક ગણાશે, સફળ નહીં થાય તો ભૂલવાડી દેવાશે.

JP: ગુજરાતમાં પાટીદાર આંદોલન, ઓબીસી આંદોલન અને દલિત આંદોલન હતાં ત્યારે તેમણે વિજય રૂપાણીને મુખ્ય પ્રધાન બનાવવા હિંમત દાખવી હતી, જે જૈન છે. જૈન લઘુમતીમાં છે અને તેમની એવી કોઈ સંગઠિત વોટ બૅન્ક નથી. સમાજના નામે દબાણની પ્રવૃત્તિ પણ નથી કરતા. એ પ્રયોગ સાચો પડેલો. બીજો પ્રયોગ પક્ષ પ્રમુખ તરીકે સામાન્ય રીતે મૂળ ગુજરાતી ઇત્તર એવા સી. આર. પાટીલને બનાવવાનો કરેલો. ગત ફેબ્રુઆરીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જે રીતે ભાજપનો ભવ્ય વિજય થયો તે જોતાં એ પ્રયોગ પણ સફળ રહ્યો છે.

DG: રૂપાણીને શા માટે અને કેવા સંજોગોમાં સીએમ બનાવાયા હતા તે જાણીતું છે, છતાં તેને પ્રયોગ કહી શકાય. પણ પ્રયોગ કરતાંય તે એક ચાલ હતી - મહારાષ્ટ્રમાં બિનમરાઠા, ગુજરાતમાં બિનપટેલ, હરિયાણામાં બિનજાટ, યુપી-બિહારમાં બિનયાદવ સીએમ મૂકીને જ્ઞાતિઓને લડાવી મારવાની. ઓકે, ચાલ નહીં, પણ પ્રયોગ ગણીએ તો એ પ્રયોગ નિષ્ફળ ગયો, કેમ કે ચૂંટણી આડે એક વર્ષ હતું ત્યારે જ રૂપાણીને બદલવા પડ્યા છે. પટેલ, એમાંય કડવા પટેલને જ બેસાડવા પડ્યા છે. પ્રયોગ પણ નિષ્ફળ ગયો, રૂપાણી પણ નિષ્ફળ રહ્યા. સી. આર. પાટીલને બિન-ગુજરાતી તરીકે પ્રયોગરૂપે અધ્યક્ષ નથી બનાવાયા, પણ તે પરિણામ લાવનારા નેતા છે એટલે પસંદ કરાયા છે. એટલે તેમાં પ્રયોગ નથી, પણ 'યેનકેનપ્રકારેણ' ગુજરાતની ચૂંટણી જીતવાની છે એટલે સી.આર. જેવા અધ્યક્ષની જરૂરિયાત હતી. પંચાયતોની ચૂંટણીમાં સીઆરને સફળતા મળી છે, રૂપાણી સહિત પ્રધાનોને દૂર કરાવવામાં પણ તેમને સફળતા મળી છે. તેમણે હવે 2022માં સફળતા મેળવવાની છે. સફળ થશે તો બંને પ્રયોગો ગણાશે, સફળ પણ ગણાશે.

JP: આ સફળતાઓને કારણે જ મનાય છે કે ભૂપેન્દ્ર પટેલ મંત્રીમંડળનો પ્રયોગ પણ સફળ રહેશે. આનું કારણ એ છે કે આ પ્રધાનો સાવ નવી કોરી પાટીવાળા છે. આથી ચૂંટણીમાં તેઓ જશે ત્યારે પ્રમાણમાં ઓછો

અસંતોષ રહેવાનો. કોરોનાની બીજી લહેરમાં શાસન વિરોધી જુવાળ જન્મ્યો હતો તેને ખાળી શકાશે કે કેમ તે તો ચૂંટણીમાં પરિણામો જ બતાવશે, પરંતુ નરેન્દ્ર મોદીની આવી ગણતરી હોઈ શકે.

DG: અહીં જ મુદ્દો રહેલો છે. મૂળ મુદ્દો શાસનવિરોધી જુવાળ જન્મ્યો હતો તેને ખાળવાનો છે. 2022ની ચૂંટણીમાં નુકસાનીનું જોખમ, ખતરો દેખાયો તેને ટાળવા માટેનો જ આ પ્રયોગ છે. ખતરો ટાળવા માટેનો અ-ખતરો. પણ કરી શકાય છે. પ્રયોગો કરવા જોઈએ. અનિશ્ચિતતા હોય ત્યારે નુકસાન વધુ નહીં થાય તેની સાવચેતી લઈને અખતરા કરી શકાય. આ પ્રયોગમાં પણ મને લાગે છે કે નુકસાન ટાળી શકાશે એવી ગણતરી ભાજપે માંડી હશે. કોરોનામાં નિષ્ફળતા, શિક્ષણમાં નિષ્ફળતા, રોજગારી મુદ્દે નિષ્ફળતા, જૂથબંધી અને અમલદારશાહીને કાબૂમાં રાખવામાં નિષ્ફળતા - આ બધી નુકસાની ઊભી જ છે. આ પ્રયોગથી પણ નુકસાન થાય તો આ ઊભેલી નુકસાનીઓ જેટલું જ થાય. અર્થાત થઈ ચૂકેલા નુકસાનથી વધારે નુકસાન આ પ્રયોગથી નથી થવાનું, પરંતુ લોકોને મૂળ મુદ્દાથી ભ્રમિત કરીને, નુકસાની ચહેરા ઢાંકી દેવાની ચાલ કામ ના કરે તો ફાયદો ના પણ થાય. પણ પ્રયોગ કરીને ફાયદા માટેના પ્રયાસો કરવાનો વ્યૂહ જ વધારે સારો છે. નુકસાન વધવાનું નથી ત્યારે ફાયદા માટે પ્રયોગ કરો, વ્હાય નોટ!

JP: આ ઉપરાંત સૌથી મહત્ત્વની બાબત એ છે કે સરકારનો સંગઠન સાથે તાલમેળ. અગાઉની સરકારમાં આ તાલમેળ ઓછો હતો અને પક્ષ પ્રમુખ તેમજ મુખ્ય પ્રધાન વચ્ચે સ્પષ્ટ રીતે સાંમજસ્ય નહોતું. હવે જે નવી સરકાર આવી છે તેમાં પાટીલની છાપ સ્પષ્ટ દેખાય છે. દક્ષિણ ગુજરાતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. સી. આર. પાટીલની નજીક મનાતા હર્ષ સંઘવીને ગૃહ રાજ્ય પ્રધાન બનાવાયા છે. પારડીના કનુ દેસાઈને નાણાં ખાતું સોંપાયું છે. આથી સરકાર અને પક્ષ વચ્ચે તાલમેળનો અભાવ નહીં જોવા મળે.

DG: યસ, નુકસાન જેટલું થઈ રહ્યું છે એટલું જ છે, પણ આ ફેરફારોથી કમસે કમ આ એક ફાયદો થયો છે. નવા સીએમ એવું પણ નહીં કહી શકે કે મને ખબર નથી, સીઆરને પૂછો. મારી જાણકારીમાં નથી - એવું સરકારની નિષ્ફળતાનું આંચકાજનક નિવેદન પણ નવા પ્રધાનોમાંથી કોઈ કરી શકશે નહીં. ટુ બી ફેર, નવું પ્રધાનમંડળ તદ્દન બિનઅનુભવી પણ નથી. રાઘવજી, કિરીટસિંહ, મેરજા જેવા અનુભવીઓ રિપિટ થયા જ છે. કનુ દેસાઈ ઈન્ડસ્ટ્રી સંચાલનનો અનુભવ ધરાવે છે માટે નાણાં ખાતા માટે યોગ્ય છે. સ્પીકર તરીકે ત્રિવેદી વહિવટી કુશળતા સમજ્યા હોય, વાઘાણીએ સંગઠન ચલાવ્યું હતું એ અનુભવ કહેવાય, ડિંડોર પીએચ.ડી. છે અને મનીષા વકીલ પણ શિક્ષિત છે. સરવાળે નહીં નફો, નહીં નુકસાનની સ્થિતિ છે, પણ અન્ય સંજોગોને કારણે સફળતા મળી જશે તો સફળ પ્રયોગ પણ ગણાશે.

JP: એક બાબત એ પણ છે કે વર્ષોથી એકના એક ચહેરાનું જ પુનરાવર્તન થતું હોય ત્યારે કાર્યકર્તાઓમાં નિરાશા જન્મતી હોય છે. આપણે બસ માત્ર કાર્યક્રમોની તૈયારી જ કરવાની? નવા પ્રધાનમંડળ સાથે આ નિરાશા ખાળવાનો પ્રયાસ છે. પાછલી બેન્ચે બેસેલા કાર્યકર્તા પણ મુખ્ય પ્રધાન બની શકે છે તેવો સંદેશો અપાયો છે. આથી ચૂંટણીમાં નવા જોમ અને જુસ્સા સાથે હવે ભાજપ ઝંપલાવશે તેના કારણે રેકૉર્ડ બ્રેક પરિણામ લાવશે તેવી મોદીની ગણતરી સ્પષ્ટ દેખાય છે.

DG: આ બધી પ્રચારની અને ભ્રમમાં નાખવાની વાત છે. કાર્યકરો અને ધારાસભ્યો માટે એક નિયમ અને ટોચ પર બેઠેલા નેતાઓ માટે જુદા નિયમો - એવું શા માટે? શિવરાજસિંહ ચોથી વાર સીએમ શા માટે? વસુંધરા જ કેમ રાજસ્થાનમાં આગામી સીએમના દાવેદાર? આ કોઈ સિદ્ધાંત નથી, માત્ર અ-ખતરો છે. સંદેશ એ પણ છે કે સારું કામ કરશો તોય મોવડીમંડળની ઇચ્છા હશે ત્યારે રવાના કરી દેવાશે. સિદ્ધાંત જ હોય તો જાહેરાત કરવી જોઈએ કે હવેથી પ્રધાનો અડધી ટર્મ માટે, સીએમ એક ટર્મ માટે, પીએમ બે ટર્મ માટે, અને ધારાસભ્ય-સાંસદ ત્રણ ટર્મ માટે જ રહેશે - તે પછી બદલાઈ જશે એ અમારો સિદ્ધાંત છે.

(જયવંત પંડ્યા અને દિલીપ ગોહિલ બંને વરિષ્ઠ પત્રકારો અને રાજકીય વિશ્લેષકો છે)

સુખનું સરનામું

શૈલેષ સગપરિયા

જીવનમાં કંઇક મેળવવું છે...

તો પ્રયાસો ચાલુ રાખો! એક દિવસ ભગવાન પાસેથી આપણી ઇચ્છા મુજબની ગિફ્ટ ચોક્કસપણે મળશે

જીવનમાં કંઈક મેળવવાનો સંકલ્પ કરીને એ મેળવવાના પ્રયાસ, દિલથી પુરુષાર્થ કરીએ છીએ. આપણા એ પ્રયાસો જોઈને ઉપરવાળો આપણા માટે આપણી ઈચ્છાઓ મુજબની વસ્તુઓનું પેકિંગ શરૂ કરી દે છે પણ આપણે ધીરજ રાખતા નથી અને થોડો સમય પ્રયાસો કર્યા પછી પણ જ્યારે ઈચ્છા મુજબનું ન મળે તો આપણા નસીબમાં નથી એમ માનીને પ્રયાસોને પડતા મૂકીએ છીએ. આ દુનિયામાં એવી ઘણી વ્યક્તિઓ છે કે જેમણે આપણી જેમ જ ઈચ્છાઓને પૂરી કરવા માટે મહેનત કરી આપણને આપણી ઈચ્છા મુજબનું ન મળ્યું અને એમને એમની ઈચ્છા પ્રમાણેનું મળી ગયું... આવું કેમ બનતું હશે?

એક માણસનું મૃત્યું થયું. ભગવાનના દૂતો એને તેડવા માટે આવ્યા. જીવન દરમિયાન ખૂબ સારાં કામો કરેલાં એટલે એને પૂર્ણ આદર સાથે દેવદૂતો પોતાની સાથે લઈ ગયા. પેલા માણસે દેવદૂતોને પૂછ્યું કે તમે મને ક્યાં લઈ જાઓ છો? દેવદૂતોએ કહ્યું કે, ભગવાન તારા કામને કારણે તને મળવા માટે આતુર છે. એટલે તને ભગવાન પાસે લઈ જઈએ છીએ. એક પછી એક દરવાજા પસાર કરતાં કરતાં દેવદૂતો આ માણસને લઈને આગળ વધી રહ્યા હતા. ત્યાં એક બહુ મોટું મેદાન આવ્યું. ભગવાનને મળવા માટે જઈ રહેલા માણસના પગ થંભી ગયા. એ તો આંખો ફાડીને મેદાનમાં ચારે બાજુ જોવા લાગ્યો. આ વિશાળ મેદાનમાં જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી જુદી-જુદી ભેટો સરસ મજાના રેપરમાં પેક થઈને પડી હતી. પેક થયેલી ગિફ્ટના ઢગલે ઢગલા હતા. રાક્ષસી કદની ભેટથી શરૂ કરીને સાવ નાની નાની ગિફ્ટના પાર્સલ પણ હતાં. પેલા માણસે દેવદૂતોને પૂછ્યું, 'આ બધું શું છે? આ રેપરમાં શું પેક કરેલું છે? આટલી બધી ગિફ્ટ કોને આપવાની છે?'

દેવદૂતે દુઃખી હૃદયે જવાબ આપ્યો, 'ભાઈ આ રેપરમાં જુદી જુદી વસ્તુઓ છે. કોઈનામાં રૂપિયા છે તો કોઈનામાં બંગલો છે. કોઈ રેપરમાં નોકરી છે તો કોઈકમાં છોકરી પણ છે. પૃથ્વી પરના માણસોએ જે જે ઈચ્છાઓ કરી એ બધું જ આમાં પેક કરીને રાખ્યું છે.' પેલા માણસે આશ્ચર્ય સાથે પૂછ્યું, 'આ બધી જ ગિફ્ટ ધરતી પરના માણસોને આપવાની છે તો પછી બધું અહીંયા કેમ રાખી મૂક્યું છે? એ કેમ કોઈને આપ્યું નથી?' દેવદૂતોએ સ્પષ્ટતા કરતાં કહ્યું, 'જેમણે જેમણે કંઈક મેળવવાનું નક્કી કર્યું અને એ મેળવવા માટેના પ્રયાસ ચાલુ કર્યા એટલે ભગાવાને રાજી થઈને એમની ઈચ્છા પુરી કરવાનું નક્કી કર્યું. લોકોને એમની ઈચ્છા મુજબની વસ્તુ આપવા માટે ભગવાને સરસ મજાનું ગિફ્ટ પેક તૈયાર કર્યું. ભગવાન આ ગિફ્ટ એમને આપે તે પહેલાં જ માણસે પોતાની ઈચ્છા મુજબની વસ્તુઓ મેળવવાના પ્રયાસ છોડી દીધા ભગવાને તૈયાર કરેલી આ ગિફ્ટ્સ અહીંયા જ પડી રહી છે. પૃથ્વી પરના માણસોએ જો થોડી વાર વધુ પ્રયાસ ચાલુ રાખ્યા હોત તો આ ગિફ્ટ અહીંયા નહીં પરંતુ પૃથ્વી પર હોત અને બધા લોકોને એમની ઈચ્છા મુજબનું મળી ગયુ હોત!'

આપણે પૃથ્વી પર રહેનારા માણસો છીએ અને એટલે આપણે બધા પણ આ જ ભૂલ કરીએ છીએ. જીવનમાં કંઈક મેળવવા માટેનો સંકલ્પ કરીને એ મેળવવાના પ્રયાસ પણ ચાલુ કરીએ છીએ. માત્ર પ્રયાસ જ કરીએ છીએ એવું નહીં, દિલથી એના માટે પુરુષાર્થ કરીએ છીએ. આપણા એ પ્રયાસો જોઈને ઉપરવાળો આપણા માટે આપણી ઈચ્છાઓ મુજબની વસ્તુઓનું પેકિંગ શરૂ કરી દે છે પણ આપણે ધીરજ રાખતા નથી અને થોડો સમય પ્રયાસો કર્યા પછી પણ જ્યારે ઈચ્છા મુજબનું ન મળે તો આપણા નસીબમાં નથી એમ માનીને પ્રયાસોને પડતા મૂકીએ છીએ. આ દુનિયામાં એવી ઘણી વ્યક્તિઓ છે કે જેમણે આપણી જેમ જ ઈચ્છાઓને પૂરી કરવા માટે મહેનત કરી આપણને આપણી ઈચ્છા મુજબનું ન મળ્યું અને એમને એમની ઈચ્છા પ્રમાણેનું મળી ગયું... આવું કેમ બનતું હશે? આનું કારણ માત્ર એટલું જ છે કે આપણને કોઈ અડચણો આવી કે નિષ્ફળતા મળી તો હવે મારા ભાગ્યમાં નથી એમ માનીને મહેનત બંધ કરી અને અન્ય લોકોએ નિષ્ફળતાઓ મળવા છતાં મહેનત મૂકી દેવાને બદલે એમના પ્રયાસો ચાલુ રાખ્યા અને પરિણામે એ પોતાના કામમાં સફળ રહ્યા. સ્વામી વિવેકાનંદ કહે છે એમ જે ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહે છે એ ચોક્કસપણે સફળતા મેળવે જ છે.

આ વાતને વધુ સરળતાથી સમજાવે એવી પંડિત મદનમોહન માલવિયાજીના જીવનની એક સરસ ઘટના છે. માલવિયાજીનું હિંદુ યુનિવર્સિટી બનાવવાનું એક સપનું હતું. આ માટે તેઓ ખૂબ મહેનત કરતા હતા. અનેક પ્રશ્નો અને પડકારોનો સામનો કરવો પડતો. દાન મેળવવા માટે એ ભારતભ્રમણ કરતા. શાહુકારો અને રાજા-મહારાજાઓને મળીને બનારસ હિંદુ યુનિવર્સિટી માટે દાન આપવા વિનંતિ કરતા. પંડીતજી દાન લેવા માટે હૈદરાબાદના નિઝામ પાસે ગયા. નિઝામને યુનિવર્સિટીની સ્થાપનાની વાત કરીને યથાયોગ્ય દાન આપવા માટે વિનંતિ કરી. નિઝામ તો એકદમ ચિડાઈ ગયા. પંડીતજીને મોઢામોઢ સંભળાવી દીધું, 'તમારી હિંમત કેવી રીતે થઈ મારી પાસે આવવાની? હિંદુ યુનિવર્સિટી માટે નિઝામ પાસે દાન માગતા પહેલાં કોઈ વિચાર પણ ન આવ્યો?' હજી તો પંડીતજી જવાબ આપે એ પહેલા ગુસ્સે ભરાયેલા નિઝામે પોતાના પગનું જૂતું કાઢીને પંડીતજી પર ફેંકી અને બહાર જતા રહેવાનું કહ્યું.

અપમાનિત થયેલા પંડીતજી નિઝામનું જૂતું પોતાની સાથે લઇને નિકળી ગયા. હૈદરાબાદના મુખ્ય બજારમાં જઈને લોકોને એકઠા કર્યા અને કહ્યું કે મારી પાસે નિઝામનાં બહુ સરસ જૂતાં છે અને મારે એની હરાજી કરવી છે. નિઝામનાં જૂતાં હોવાથી ખરીદનારાની સંખ્યા વધી અને ભાવ પણ ઉંચા બોલાવા લાગ્યા. નિઝામને આ બાબતના સમાચાર મળ્યા. નિઝામને લાગ્યુ કે જો પોતાનાં જૂતાં બીજા કોઈ ખરીદશે તો તેનું અપમાન ગણાશે. તેથી, ગમે તે કિંમતે જૂતાં ખરીદવાં એટલે તુરંત જ પોતાના એક ખાસ માણસને મોકલ્યો અને હરાજીમાં ભાગ લઈને ગમે તે ભાવે જૂતાં ખરીદી લેવાની સુચના આપી. માલવિયાજીએ બહુ ઉંચી કિંમતે નિઝામના જૂનતાં નિઝામના જ માણસને વેચ્યાં અને જે રકમ મળી એ રકમનો ઉપયોગ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં કર્યો.

જીવનમાં નક્કી કરેલા ધ્યેયને પ્રાપ્ત કરવાના પ્રયાસો કરીએ ત્યારે અનેક પ્રકારનાં વિઘ્નો અને પ્રશ્નો આવે પણ વિચલિત થયા વગર સતત પ્રયાસો ચાલુ રાખીએ તો સફળતા મળ્યા વગર રહે જ નહીં. થોમસ આલ્વા એડીસને વીજળીનો ગોળો બનાવવાના પ્રયાસો શરૂ કર્યા. આમાં તેમને ઘણીવખત નિષ્ફળતાઓ મળી હતી. દરેક નિષ્ફળતામાંથી એક નવી પ્રેરણા લઈને એ ફરીથી પોતાનું કામ શરૂ કરતા. એમણે શરૂ કરેલા પ્રયાસો છોડ્યા નહીં. એના લીધે જ આજે આખુ વિશ્વ ઝળહળી રહ્યું છે. ભગવાન તો આપણી ઈચ્છા મુજબનું આપવા માટે તૈયાર જ હોય છે, આપણે શ્રદ્ધાવાન બનીને પ્રયાસો ચાલુ રાખવા જોઈએ.

(લેખક જાણીતા વિચારક અને વક્તા છે)

સંબંધો ભવોભવના, જન્મોજન્મના...

કોઈ એક સંબંધ પાછલા જન્મનો અને કદાચ હવે પછી આવનારા જન્મોનું પણ જોડાણ બની શકે છે

ઉત્તર ગુજરાતના એક નાનકડા ગામમાં બનેલી સત્ય ઘટનાથી આ લેખની શરૂઆત કરીએ. એક ગામમાં એક નાડોદા-પટેલ રહે. રામજીભાઈ એમનું નામ. એમની દીકરી લક્ષ્મી એક વખત સાતમ-આઠમના તહેવારોમાં ગામના ચોકમાં ઢોલે રમવા ગઈ. ઉત્તર ગુજરાતનાં ગામોમાં આવો રિવાજ અને પરંપરા. લક્ષ્મીબહેન ખૂબ ઢોલે રમ્યાં એટલે તેમને થાક લાગ્યો. આખા શરીરે પરસેવાના રેલા નીતરવા લાગ્યાં. ઘરે આવ્યાં. ઘરની ઓસરીમાં બેઠાં અને પાણી પીધું. જો કે, હૃદય બેસી ગયું. હૃદય રોગનો હુમલો આવતા એ જુવાન દીકરી પરલોક સીધાવી.

એ પછી જૂનાગઢમાં એક જોશી પરિવારમાં એક પુત્રી જન્મી. જયા તેનું નામ. એ નાનપણથી જ પોતાના આગલા જન્મને યાદ કરે. તેમનાં મમ્મી ગેસ પર રસોઈ બનાવતાં હોય ત્યારે હજી હમણાં બોલતાં શીખેલી જયા પોતાની મમ્મીને કહે કે, તું ગેસ પર રસોઈ બનાવે છે પણ મારી આગલી મા તો ચૂલા પર રોટલા બનાવતી હતી.

આ સાંભળીને જયાનાં મમ્મીને ખૂબ નવાઈ લાગી. સમયાંતરે આવી વાતો વધતી ગઈ. જયા ખેતરને યાદ કરે, ગાયોને યાદ કરે, પોતાની બહેનપણીઓને યાદ કરે, પોતાનાં માતા-પિતાને યાદ કરે. જયાનાં માતા-પિતાને નવાઈ લાગે. ધીમે-ધીમે જયા મોટી થતી ગઈ. તેની સમજ વધતી ગઈ. જો કે, આગલા જન્મની વાતો પણ વધતી ગઈ. જયાનાં મમ્મી-પપ્પા તેને પાસે બેસાડીને નામ અને સરનામું પૂછે પણ એ તેને ના આવડે.

એક વખત કોઈ સામાજિક પ્રસંગે આ જોશી પરિવાર ઉત્તર ગુજરાતના પાટણમાં આવ્યો. અહીં જયાને ગયા જન્મની સ્મૃતિઓ તીવ્રતાથી યાદ આવવા લાગી. તેણે પોતાનાં માતા-પિતાને કહ્યું કે, હું આ નગરમાં અગાઉ આવેલી છું અને અમારું ગામ અહીંથી નજીક છે. મેં એ ગામ જોયેલું છે. જોશી પરિવાર જયાની સૂચના પ્રમાણે એ ગામ તરફ નીકળ્યો. જયાને ગામની ખબર હતી પણ ગામનું નામ યાદ નહોતું આવતું. જોશી પરિવાર અને અન્ય સગાં જયાની સૂચના પ્રમાણે આગળ વધ્યાં. જયાનું જે ગામ હતું ત્યાં સુધી કાચો રસ્તો હોવાથી જોશી પરિવારે બળદ ગાડું ભાડે કર્યું. જયાના ગામનું તળાવ આવ્યું એટલે જયા ગાડામાંથી ઊતરી ગઈ અને તેણે ગાડામાં બેઠેલાંઓને કહ્યું કે, હવે હું જ્યાં લઈ જાઉં ત્યાં તમે મારી પાછળ પાછળ આવો. જયા ગામની શેરીમાંથી જમણી બાજુ આવેલા પોતાના જૂના ઘરે જઈને ઊભી રહી ગઈ. ડેલો ખખડાવ્યો. એ પછી અંદર તે ગઈ. આગલા જન્મનાં માતા-પિતાને પગે લાગી. પોતાનો પરિચય આપ્યો. પોતાના ભાઈઓને મળી. બહેનોને મળી. કાકાઓને મળી. દરેકને ઓળખી કાઢ્યા. એનાં લગ્નમાં બે-બે માતા-પિતાઓ હાજર હતાં. એક જે આ જન્મનાં જોશી માતા-પિતા અને બીજાં પાછલા જન્મનાં પટેલ માતા-પિતા. એવી તસવીર પણ છે.

આ છે બે ભવના સંબંધો. ઘણીવાર એવો વિચાર આવે કે, દરેક સંબંધનું અનુસંધાન હોય છે. એનું અનુસંધાન ગયા જન્મમાં પણ હોય. એ અનુસંધાન બે-ત્રણ જન્મ પહેલાંનું પણ હોય. લગ્ન માટે તો એવું કહેવાય છે કે, લગ્નો સ્વર્ગમાં અથવા તો ઉપર ક્યાંક નક્કી થાય છે અને પૃથ્વી ઉપર તો માત્ર થાય છે. એટલે કે, નક્કી તો થઈ જ ગયાં હોય છે. અહીં માત્ર વિધિ થાય છે. કદાચ દરેક સંબંધમાં આવું હોય છે.

અભિનેતા રજનીકાંતેએ લતા નામની યુવતીને પહેલીવાર જોઈને જ નક્કી કરી લીધું હતું કે, આ જ મારી પત્ની બનશે અને પછી વાસ્તવિકતામાં પણ એવું જ થયું હતું. એ જ રીતે અભિનેતા પરેશ રાવલે સ્વરૂપ સંપટને પહેલી વાર જોઈને નક્કી કરી લીધું હતું કે આ મારી પત્ની છે. જાણીતા ટેક્નોક્રેટ સામ પિત્રોડાની આત્મકથામાંથી પસાર થઈએ ત્યારે જાણવા મળે છે કે, તેમણે વડોદરામાં પહેલીવાર અંજનાબહેનને જોયાં ત્યારે તેમણે નક્કી કરી લીધું હતું કે આની સાથે જ મારાં લગ્ન થશે. એવું જ બન્યું હતું. આ લેખ લખનારાના કિસ્સામાં પણ એવું થયું હતું.

આવું કેમ થતું હશે? ગયા જન્મનો અનુબંધ. આગલા જન્મનું અનુસંધાન. લોકસાહિત્યમાં ભવોભવની પ્રીતની વાત છે. આવા આધુનિક સમયકાળમાં કોઈ એવી વાત ન પણ માને. હવેનો જમાનો તો એક જન્મમાં એક (પાત્રની) પ્રીત ન મળે તો ન ચાલે એવો છે. એવી સ્થિતિમાં ભવોભવની પ્રીતની વાત અપ્રસ્તુત લાગે. હિન્દુ ધર્મમાં તો એવું માનવામાં આવે છે કે સ્ત્રીઓ વ્રત કરીને કે પછી ભગવાનને પ્રાર્થના કરીને એકનો એક પતિ સાત-સાત જન્મ સુધી માગતી હોય છે. આ એક ભાવના છે. આ એક પરંપરા છે. દરેક સંસ્કૃતિ અને સભ્યતામાં આ બાબતનું વલણ જુદું જુદું હોય છે. પશ્ચિમના કેટલાક દેશોમાં એક ભવમાં સાત લગ્ન થાય છે, જ્યારે ભારત જેવા દેશમાં એક પતિને સાત જન્મ સુધી ચલાવવાની ભાવના હોય છે.

ઇટ્સ કોમ્પ્લિકેટેડ

રમેશ તન્ના

સ્થળ કાળ પ્રમાણે આવી બાબતોની માન્યતા જુદી જુદી હોઈ શકે છે. પરંતુ એક બાબત ચોક્કસ છે કે આ જન્મના સંબંધો અનુસંધાન સ્વરૂપે હોય એવી પૂરી શક્યતા છે. આગળની લેણદેણ બાકી રહી ગઈ હોય તે આ જન્મમાં પૂર્ણ કરવાની હોય એવું પણ બને. અનેક સંબંધોમાં બુદ્ધિ કે તર્ક કામ ન લાગે એવું જોવા મળતું હોય છે. કોઈ માતા-પિતા સંપૂર્ણ નિષ્ઠાવાન, પ્રામાણિક અને ખાનદાન હોય, તેમનો દીકરો એકદમ કપાતર નીકળે. આવું અનેક કિસ્સામાં જોવા મળે છે. માતા-પિતાએ તેને સારા સંસ્કાર આપ્યા હોય. તેને ઉત્તમ વાતાવરણ આપ્યું હોય. તેમ છતાં નવાઈ લાગે કે એમનો પુત્ર દારૂ પીતો થઈ જાય, જુગાર રમતો થઈ જાય અને જીવન વેડફી નાખે. આવા વખતે એવું લાગે કે ગયા જન્મનું કોઈ આદાન-પ્રદાન બાકી રહી ગયું હશે. પતિ-પત્નીના સંબંધમાં પણ એવું જોવા મળે. ઘણા પતિને એવી પત્ની મળે કે ખૂબ નવાઈ લાગે. એવું જ ઊલટી રીતે પણ જોવા મળે. પતિ-પત્નીમાં બહેન એકદમ ઉચ્ચ સ્તરનાં હોય અને ભાઈ તેમની સરખામણીએ સાવ નીચા લાગતા હોય. ત્યારે પણ નવાઈ લાગે કે આવું કેમ થયું હશે? ઘણીવખત એવું બને કે, આપણે જેને બિલકુલ ઓળખતા ન હોઈએ એવી વ્યક્તિઓ સાથે લીલોછમ સંબંધ બંધાઈ જાય.

ક્યારેક પાડોશી એવા સરસ મળે કે લોહીના સંબંધ કરતાં પણ આ સંબંધ ચડિયાતો પૂરવાર થાય. આવું અજબ-ગજબ બનતું જ હોય છે. આ બધું જોતાં એમ લાગે કે સંબંધો એ માત્ર આ જન્મનો જ વિષય નથી, ગયા જન્મનો, એનાથી પણ પાછલા જન્મનો અને કદાચ હવે પછી આવનારા જન્મોનો પણ વિષય છે.

આમાંથી શીખવાનું શું? બોધપાઠ શું લેવાનો? એટલો જ કે, દરેક સંબંધને ખૂબ જ પ્રેમપૂર્વક સ્વીકારી લેવો. દરેક સંબંધને સહજ રીતે સ્વીકારી લેવો. દરેક સંબંધને ખૂબ સારી રીતે સાચવવો. એની માવજત કરવી. જો એમ કરીએ તો દરેક સંબંધ બરાબર ખીલે અને આપણા જીવનને ધન્ય કરે.

જતી વેળાનું સ્મિતઃ ફરિયાદ નહીં, સંવાદ જ સંબંધોને સમૃદ્ધ કરે છે.

positivemedia2015@gmail.com

(લેખક વરિષ્ઠ પત્રકાર, કટારલેખક અને 'RAA પોઝિટિવ મીડિયા'ના સ્થાપક છે)



આ સમય પણ વીતી જશે

આશરે પચાસ વર્ષ પહેલાં બળવંતભાઈ અને લીલાબેન ગામડેથી નોકરી માટે સુરત શહેરમાં આવ્યાં હતાં. બળવંતભાઈને માધ્યમિક શાળામાં નોકરી મળી અને લીલાબેનને પ્રાથમિક શાળામાં નોકરી મળી ગઈ અને આ નવદંપતીનો જીવન સંગ્રામ શરૂ થયો. બંને પતિ-પત્ની શિક્ષક. બપોરની શાળા બંનેની. એટલે સવારથી બંને સાથે. બળવંતભાઈનો પત્નીને ઘરકામમાં બધી જ વાતે ટેકો. 11 વાગ્યે બંને જણ સ્કૂલે જવા નીકળે. થોડી કરકસર કરીને સૌથી પહેલાં એક ટૂ વ્હીલર વાહન વસાવ્યું. બળવંતભાઈ પહેલાં પત્નીને સ્કૂલે મૂકી દેતા, પછી પોતાની સ્કૂલે જતાં. સાંજે પત્નીને લઈને ઘરે આવતા. હંગામી નોકરી અને ટૂંકો પગાર પણ સંતોષી જીવન એટલે સંસારની શરૂઆતના દિવસો પ્રેમથી અને હૂંફથી વિતાવતા હતા. સમયની રેત સરકવા લાગી. ધીમે ધીમે બે સંતાનોના મા-બાપ બન્યાં. ઘણીવાર બળવંતભાઈ હિંમત હારી જતા ત્યારે લીલાબેન કહેતાં કે, 'બળવંત, ચિંતા શું કામ કરો છો? આ સમય પણ વીતી જશે.'

લીલાબેનને નવડાવીને, નાસ્તો કરાવી, દવા આપી, બપોરે જમાડીને, સુવડાવીને આખો દિવસ ઘરના કામથી પરવાર્યા પછી સાંજના ચારેક વાગે અને બળવંતભાઈ લીલાબેન પાસે આવતા. એમનું માથું ઓળતા અને પત્નીનો હાથ હાથમાં લઈને બેસતા. 72 વર્ષના બળવંતભાઈનો છેલ્લાં એક વર્ષથી આ રોજનો ક્રમ હતો. રોજ સાંજે પત્ની પાસે બેસતા, બાજુમાં હનુમાનચાલીસાની ચોપડી હોય અને હાથમાં લીલાબેનનો હાથ હોય પણ આજે એમનું મન ખૂબ જ વ્યગ્ર હતું. આજે એમની આંખની પાંપણે આંસુનાં તોરણ હતાં. તેમણે પત્નીને કહ્યું, 'લીલા, તું જ કહે, તારા વિના આ સમય કેવી રીતે વીતશે! લીલા, કંઈક તો બોલ? લીલા, હું એકલો પડી ગયો છું.'

લીલાબેનની હાલત છેલ્લાં દોઢેક વર્ષથી અન્યમનસ્ક જેવી હતી. તેઓ પોતાની યાદશક્તિ ગુમાવી ચૂક્યાં હતાં અને આજે બળવંતભાઈ પત્નીને પૂછતા હતા, જે પત્ની પોતાના પતિને એટલે કે બળવંતભાઈને પણ ઓળખતી નહોતી. આંખો બંધ કરીને બળવંતભાઈ આજે ભૂતકાળની કંદરાઓમાં ખોવાઈ ગયા.

***

આશરે પચાસ વર્ષ પહેલાં બળવંતભાઈ અને લીલાબેન ગામડેથી નોકરી માટે સુરત શહેરમાં આવ્યાં હતાં. બળવંતભાઈને માધ્યમિક શાળામાં નોકરી મળી અને લીલાબેનને પ્રાથમિક શાળામાં નોકરી મળી ગઈ અને આ નવદંપતીનો જીવન સંગ્રામ શરૂ થયો. બંને પતિ-પત્ની શિક્ષક. બપોરની શાળા બંનેની. એટલે સવારથી બંને સાથે. બળવંતભાઈનો પત્નીને ઘરકામમાં બધી જ વાતે ટેકો. 11 વાગ્યે બંને જણ સ્કૂલે જવા નીકળે. થોડી કરકસર કરીને સૌથી પહેલાં એક ટૂ વ્હીલર વાહન વસાવ્યું. બળવંતભાઈ પહેલાં પત્નીને સ્કૂલે મૂકી દેતા, પછી પોતાની સ્કૂલે જતાં. સ્કૂલ છૂટે એટલે પત્નીને લઈને ઘરે આવતા. હંગામી નોકરી અને ટૂંકો પગાર પણ સંતોષી જીવન એટલે સંસારની શરૂઆતના દિવસો પ્રેમથી, એકબીજાના સાંનિધ્ય અને હૂંફથી વિતાવતા હતા.

સમયની રેત સરકવા લાગી. ધીમે ધીમે બે સંતાનોના મા-બાપ બન્યાં. એક દીકરો અને એક દીકરી. ઓછો પગાર અને બે સંતાનો. ઘણીવાર બળવંતભાઈ હિંમત હારી જતા ત્યારે લીલાબેન કહેતાં કે, 'બળવંત, ચિંતા શું કામ કરો છો? આ સમય પણ વીતી જશે.' પત્નીના આ શબ્દોથી બળવંતભાઈને ખૂબ પ્રોત્સાહન મળતું. ધીમે-ધીમે સ્કૂલમાંથી પરમિશન લઈ બળવંતભાઈએ ટ્યુશન ચાલુ કર્યાં. સવારે આઠ વાગ્યે ટ્યુશન માટે નીકળતા. 10:30 વાગે ઘરે આવી 11 વાગ્યે પત્નીને લઈને બાળકોને સ્કૂલે મૂકી પોતે સ્કૂલે જતા.

પાછા ફરતી વખતે પણ આ જ ક્રમ. ઘરે પત્નીને મૂકી, ફરી પાછા ટ્યુશન માટે નીકળી જતા. 9:30 વાગે ઘરે આવી પત્ની ને બાળકો સાથે જમતા. ક્યારેક લીલાબેન કહેતા, 'બળવંત તમને તો હવે મારા માટે સમય જ નથી મળતો.' ત્યારે બળવંતભાઈ કહેતા, 'લીલા, મને થોડો સમય આપ. હું આપણા બાળકો માટે અને આપણા સુખ માટે ખૂબ મહેનત કરું છું. તું જોજે...એક દિવસ સુખનો સૂરજ જરૂર ઊગશે...

અને ખરેખર... તેમની મહેનત, તેમનો સ્વભાવ... બાળકોને પ્રેમથી ભણાવવાની તેમની પદ્ધતિ, શાળાના શિક્ષકો પ્રત્યે અને વાલીઓ પ્રત્યેનો તેમનો મળતાવડા સ્વભાવને કારણે તેઓ ખૂબ જ ઓછા સમયમાં, શાળાના બીજા શિક્ષકો, વાલીઓ અને સ્કૂલના વિદ્યાર્થીઓમાં ખૂબ લોકપ્રિય બન્યા.

પતિ-પત્નીની અથાગ મહેનતથી બંનેને શાળામાં કાયમી નોકરી મળી ગઈ. સરકારી નોકરી હોવાથી પગાર પણ વધી ગયો. ટ્યુશનની આવક પણ હતી. હવે બંને જણાં બાળકોના ભવિષ્ય માટે વિચારવા લાગ્યાં. બાળકો ભણવામાં તેજસ્વી હતાં. સમય ક્યારેય કોઈના માટે થોભતો નથી. ઝડપથી વહેવા લાગ્યો. પતિ-પત્ની બાળકોના ઉજ્જવળ ભવિષ્યની ચિંતામાં, પોતાના માટે જીવવાનું જ ભૂલી ગયાં. બાળકો તેજસ્વી કારકિર્દી મેળવી ભણતર પૂરું કરી રહ્યાં. હવે તેમની નોકરી, તેમને પગભર કરવા, તેમના લગ્ન... બળવંતભાઈ અને લીલાબેન... બસ, બંને સાથે મળીને સંસારરથનું ગાડું હાંકે જતાં હતાં.

દીકરી પરણવાલાયક થઈ.. એનાં સારા કુટુંબમાં લગ્ન કર્યાં. દીકરાએ નોકરી માટે સુરત છોડી બીજે જવું પડ્યું. મોટો દીકરો મુંબઈ નોકરી માટે ગયો અને ત્યાં જ સ્થાયી થઈ ગયો.. હવે બળવંતભાઈ અને લીલાબેન 36 વર્ષની નોકરી પૂરી કરીને નિવૃત્ત થયાં. નિવૃત્તિ વખતે બંને જણા એકલાં હતાં, જ્યારે ગામડેથી શહેરમાં આવી નોકરી સ્વીકારી ત્યારે શરૂઆતમાં પણ એકલા અને 36 વર્ષની નોકરી પૂરી થયા પછી પણ બંને એકલા જ હતાં. બાળકો પોતાનો અલગ માળો બાંધવા ઊડી ગયાં અને બળવંતભાઈનો એક એક સળી ભેગી કરીને બનાવેલો માળો આજે ખાલીખમ હતો. બળવંતભાઈના હૃદયના ખૂણામાં પણ એક ખાલીપો ખળભળાટ કરતો હતો.

મારી વાર્તા

મનીષા રાઠોડ

આ વાતને બીજા 13 વર્ષ વીતી ગયાં. તેમનાં સંતાનોને ત્યાં પણ સંતાનો થઈ ગયાં. આ 13 વર્ષમાં બળવંતભાઈને હૃદયની બીમારી, ડાયાબિટીસ અને મગજનું સંતુલન ડામાડોળ થયું. કાને બહેરાશની અસર હતી. પરંતુ આ સમયે લીલાબેને કહ્યું, 'બળવંત શું કામ ચિંતા કરો છો? હું છું ને તમારી જીવનસંગિની. આપણો આ સંધ્યાકાળ હવે આપણે સાથે રહીને હરી ફરીને દેવદર્શન કરીને જાત્રા કરીને સોનેરી કરી નાખીશું. જલ્દી સારા થઈ જાઓ.' લીલાબેનની આ ઈચ્છાઓને પૂરી કરવા બળવંતભાઈએ મનોબળ મક્કમ કર્યું. આજે તેમની દવા ચાલુ છે. તેઓ પત્નીની એકલતા જોઈને માનસિક રીતે ફરીથી સજજ બની ગયા.

જો કે, વિધાતાએ હજુ પણ આ કર્મનિષ્ઠ દંપતીને વધુ તકલીફ આપવાનું વિચાર્યું અને હંમેશાં બળવંતભાઈને હિંમત આપતાં લીલાબેન પોતે જ ધીમે-ધીમે માનસિક આઘાતમાં સરી પડ્યાં. બાળકોના વિરહથી, પતિની મનોવેદના જોઈને ભાંગી પડ્યાં. તેમની યાદશક્તિ ધીમે-ધીમે ક્ષીણ થવા લાગી. ક્યારેક રસોઈ કરતાં કરતાં વિચારે ચડી જતાં, તો ક્યારેક એકલાં બેસી રહેતાં. તેમની આ હાલત જોઈ બળવંતભાઈ ચિંતામાં સરી પડ્યા. લીલાબેનને પૂછ્યું, 'લીલા, ચાલ આપણે ડોક્ટરને બતાવીએ. શું થાય છે તને? કેમ તને કંઈ યાદ નથી રહેતું?' ડોક્ટરને બતાવ્યું, MRIનો રિપોર્ટ આવ્યો. ડોકટરે નિદાન કર્યું કે લીલાબેનની યાદશક્તિ 95% જેટલી ઓછી થઈ ગઈ છે. ધીમે-ધીમે એ સમય આવ્યો કે લીલાબેનની યાદદાસ્તમાંથી બળવંતભાઈ પણ નીકળી ગયા. પોતાનાં સંતાનો જ્યારે તેમનાં સંતાનોને લઈને મળવા આવે અને બાળકો બળવંતભાઈને 'દાદા' કહીને બોલાવે તો એ સાંભળીને લીલાબેન પણ હવે બળવંતભાઈને 'દાદા' જ કહે છે. બાળકો જ્યારે લીલાબેનને 'બા' કહીને બોલાવે તો તેઓ હસી પડે છે.

આજે પતિ-પત્ની બંને સાથે છે પણ સંસારરથના ગાડાનું એક પૈડું અધવચ્ચે ખોટકાઈ ગયું છે. બંને દંપતીની દવા ચાલુ છે પણ બળવંતભાઈની હવે એક જ ઈચ્છા છે કે બસ લીલાને ઝડપથી સારું થઈ જાય. લીલાબેનની ઉંમરને લીધે દવાની અસર ઓછી અને ધીમી થાય છે. લીલાબેન બળવંતભાઈનો હાથ પકડી જોરથી બોલ્યા, 'દાદા... દાદા...ચા પીવી છે' અને બળવંતભાઈ ભૂતકાળમાંથી પાછા લીલાબેન પાસે આવી પહોંચ્યા. આંખોમાં તો અનરાધાર ચોમાસું હતું. તેઓ ઊભા થયા. રસોડામાં જતાં જતાં સ્વગત બબડતા હતા, 'લીલા... જોજે આ સમય પણ જરૂર વીતી જશે. જરૂર વીતી જશે.તને જલ્દી સારું થઈ જશે. લીલા..તું તો મારો પ્રેમ છે અને તું જ મારી પૂજા છે.'

(તમારી વાર્તાઓ આ સરનામે મોકલી આપોઃ marivarta.divyabhaskar@gmail.com)

હજારો કિમી દૂરથી ઊડીને આવતાં પક્ષીઓનું અનેરું વિશ્વ એટલે વઢોડરા પાસેની રામસર સાઈટ

વઢવાણા પક્ષી અભયારણ્ય

એક્સપ્લોર ઇન્ડિયા

કૌશિક ઘેલાણી

વઢવાણા તાજેતરમાં જ રામસર સાઈટનાં લિસ્ટમાં સામેલ થતાં વિશ્વભરનાં પક્ષીવિદોની નજરમાં આવી ગયું. મધ્ય એશિયા માઈગ્રેશન ફ્લાય વે રૂટનો ઉપયોગ કરીને યુરોપિયન અને એશિયન દેશોમાંથી આશરે 80 જેટલી પક્ષીઓની વિવિધ પ્રજાતિઓ અહીં દર વર્ષે શિયાળો વિતાવવા માટે ઓક્ટોબરથી જ આવી જાય છે.

ગુજરાત રાજ્ય કુદરતના અખૂટ ખજાનાથી ભરપૂર છે અને એ વાતથી આપણે સૌ કોઈ વાકેફ છીએ. વિશાળ જંગલો, વિશાળ દરિયા કિનારો, ખુલ્લાં ઘાસનાં મેદાનો, અફાટ રણપ્રદેશ જેવા અલગ અલગ કુદરતી પ્રદેશો અહીં આવેલા છે અને કુદરતી વન્યજીવો અહીં મુક્તપણે મહાલતા જોવા મળે છે. ગુજરાતના ઘણા પ્રદેશો એવા છે જે આંતરરાષ્ટ્રીય ફલક પર નામના ધરાવે છે અને અહીં દેશ-વિદેશથી લોકો પ્રકૃતિને મહાલતા જોવા અને કેમેરામાં કંડારવા માટે આવે છે.

અહીં દેશ વિદેશનાં પક્ષીઓ શિયાળો વિતાવવા આવે છે વડોદરા નજીક આવેલા ડભોઇ પાસે સ્થિત વઢવાણા પક્ષી અભયારણ્ય આવું જ એક આંતરરાષ્ટ્રીય ફલક પાર નામના ધરાવતું સ્થળ છે. સદીઓથી આ વિસ્તાર દેશ વિદેશનાં પક્ષીઓમાં માનીતો છે. અહીં દેશ વિદેશનાં પક્ષીઓ શિયાળો વિતાવવા માટે અવાર નવાર આવે છે અને શિયાળો પૂરો થતાં જ ફરી પોતાનાં વતન પરત ફરે છે.

તાજેતરમાં જ ભારત દેશમાંથી ચાર અલગ અલગ સાઈટ્સને રામસર સાઈટ્સમાં સમાવવામાં આવી, જેમાંથી બે સાઈટ ગુજરાતની વઢવાણા પક્ષી અભયારણ્ય અને થોળ પક્ષી અભયારણ્ય છે. રામસરમાં સમાવેશ થનારી સાઈટ ગુજરાતમાં હોય એ ખૂબ જ વિશિષ્ટ સિદ્ધિ સમાન ગણી શકાય. રામસર એટલે ઈરાનમાં આવેલું એક વિશાળ કુદરતી સરોવર.

વર્ષ 1971માં યુનેસ્કો દ્વારા વિશ્વભરમાં આવેલાં કુદરતી સરોવરો કે જે પક્ષીઓ અને અન્ય છીછરાં પાણી પર આધાર રાખનાર જીવસૃષ્ટિ માટે ઈરાનમાં આવેલા રામસર સાઈટનાં માપદંડ અનુસાર ચોક્કસ ધોરણો નક્કી કરવામાં આવ્યાં અને એની જાળવણી માટે વિશેષ નિયમો બનાવવામાં આ કેટલાક પક્ષીઓ સાઈબિરિયા પ્રાંતમાંથી તો કેટલાક રશિયાની ઓબ નદીનાં ઠંડા વિસ્તારમાંથી આવે છે વ્યા, જે રામસર સાઈટ તરીકે ઓળખાશે. ભારત દેશમાં કુલ 42 જેટલી રામસર સાઈટ આવેલી છે અને એની જાળવણી યુનેસ્કોની દેખરેખ હેઠળ જે તે રાજ્યનાં વન વિભાગ દ્વારા કરવામાં આવે છે.

વઢવાણા તાજેતરમાં જ રામસર સાઈટનાં લિસ્ટમાં સામેલ થતાં વિશ્વભરનાં પક્ષીવિદોની નજરમાં આવી ગયું. મધ્ય એશિયા માઈગ્રેશન ફ્લાય વે રૂટનો ઉપયોગ કરીને યુરોપિયન અને એશિયન દેશોમાંથી આશરે 80 જેટલી પક્ષીઓની વિવિધ પ્રજાતિઓ અહીં દર વર્ષે શિયાળો વિતાવવા માટે ઓક્ટોબરથી જ આવી જાય છે. જેમ-જેમ શિયાળાની શરૂઆત થતી જાય એમ-એમ વઢવાણા વિસ્તાર પક્ષીઓના કલરવથી અને આખું આકાશ કતારબંધ ઊડતાં પક્ષીઓની હારમાળાથી સજાઈ જતું હોય જોવા મળે છે. પ્રવાસ આપણે કરી જાણીએ છીએ પણ પક્ષીઓથી મોટો કોઈ પ્રવાસી જીવ નથી. આપણે માત્ર વિવિધ વિશ્વને જોવા અને માણવા માટે પ્રવાસ કરીએ છીએ, પણ પક્ષીઓ તો પોતાનાં જીવનને ટકાવી રાખવાના સંઘર્ષનાં ભાગરૂપે પ્રવાસ કરે છે.

કેટલાક પક્ષીઓ સાઈબિરિયા પ્રાંતમાંથી તો કેટલાક રશિયાની ઓબ નદીનાં ઠંડા વિસ્તારમાંથી, કેટલાક જાપાન વિસ્તારમાંથી તો કેટલાક હિમાલયનાં અતિ ઠંડાગાર સરોવરોમાંથી પોતાનાં બચ્ચાંઓને લઈને ખૂબ જ ઊંચી અને લાંબી મુસાફરી માટે ઉડાન ભરીને ગુજરાતનાં અલગ અલગ સરોવરોને સંઘર્ષના ભાગરૂપે જીવનનો થોડા સમય માટે હિસ્સો બનાવે છે. વઢવાણામાં હિમાલયનાં માનસરોવરથી રાજહંસોનું ટોળું, હિમાલયનાં સો-મોરીરીથી ભગવી સુરખાબ, આફ્રિકા અને સિંધ પ્રાંતમાંથી હંસોનું ટોળું, મધ્ય એશિયાનાં વિસ્તારોમાંથી ગુલાબી પેણ, સિંધ પ્રાંતમાંથી શિકારી પક્ષીઓ વગેરે અહીંયા ગમતું અને સુરક્ષિત વિશ્વ મેળવી લે છે.

ફેબ્રુઆરી મહિનાના અંત સુધી અહીં વિવિધ પક્ષીઓ જોઈ શકાય છે

વઢવાણા માટે પક્ષી અભ્યાસનો શ્રેષ્ઠ સમય વહેલી સવારના સાડા છ વાગ્યાનો છે. વડોદરાથી માત્ર દોઢેક કલાકની સફર પછી વઢવાણા પહોંચી શકાય છે. અહીં ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની નાનકડી ચોકી છે, જ્યાં સંપૂર્ણ માર્ગદર્શન પણ મળી રહે છે. કુદરતના માહોલમાં રત થઈ જવાય એવા ડલ રંગોનાં કપડાં જેવાં કે ઓલિવ ગ્રીન વગેરે પહેરીને પક્ષી દર્શનનો લાભ લઈ શકાય. વઢવાણા સરોવરને સંપૂર્ણ પણે શાંતિથી જોવા માટે આશરે પાંચથી છ કલાકનો સમય જોઈશે જ. અહીં એક વોચ ટાવર છે, જેના પરથી પાણીમાં દૂર સુધી મહાલતાં પક્ષીઓની કરતબને શાંતિથી નિહાળી શકાય છે. અહીંના મુખ્ય ચેક લિસ્ટમાં રેડક્રેસ્ટેડ પોચાર્ડ, બાર હેડેડ ગીઝ, હેરિયર્સ, હવામાં કરતબો કરતું બ્લુ ટેઈલ્ડ બી ઈટર, પાણીમાં શિકાર કરતી લિટલ ગ્રેબ, તળાવ વચ્ચે લાકડાં પર બેસેલું સ્નેકબર્ડ ડાર્ટર, બોઈંગ વિમાનની જેમ પાણી પર ઉતરાણ કરતાં પેલિકન્સ, પાણીમાં ચાંચ ડુબાડીને કોઈ તરતી સ્ટીમર માફક ટોળામાં ખોરાક શોધતા ફ્લેમિન્ગોઝ, ઊંચે આકાશમાંથી પાણીમાં છલાંગ લગાવીને એક જ ઝાટકે માછલી પકડીને ઊડતું ઓસ્પ્રે, સફેદ રૂ જેવું મુલાયમ કોટન પીગ્મી ગૂઝ, ઊડતાંવેંત જ સિસોટી મારતું લેસર વ્હીસલિંગ ડક વગેરે જેવાં વિવિધતમ સુંદર પક્ષીઓ અહીં માત્ર થોડા જ કલાકોમાં જોઈ શકાય. પંદર ઓક્ટોબરથી લઈને છેક ફેબ્રુઆરી મહિનાના અંત સુધી અહીં વિવિધ પક્ષીઓ જોઈ શકાય છે. સાથે દૂરબીન હશે તો સોને પે સુહાગા. બાળકોને નેશનલ જ્યોગ્રાફિક ચેનલનો વાસ્તવિક અનુભવ પ્રકૃતિ વિશ્વમાં વિહરીને જ આપી શકાય.

અહીં તેઓ દેશમાં આવતા વિદેશી મહેમાનોથી માહિતગાર થશે અને વન્યસૃષ્ટિ તથા પ્રકૃતિ પ્રત્યે સંવેદના આપોઆપ જાગશે. માત્ર બાળકો જ નહીં, પણ મોટેરાંઓ પણ પક્ષીદર્શનનો શોખ આ રીતે જ કેળવી શકે છે. પક્ષીઓનાં મુક્ત વિશ્વમાં એકવાર ડૂબકી લગાવ્યા પછી આ વિશ્વને જાણવાની જિજ્ઞાસા આપોઆપ સૌને પક્ષી અભ્યારણ્ય ક્ષેત્રોમાં ખેંચી જશે જ.

કોઈપણ સ્થળે પક્ષી દર્શન માટે જઈએ એટલે શોરબકોરને બાજુ પર મૂકીને ક્ષણભર માટે પ્રકૃતિએ ખુલ્લાં મૂકેલા ખજાનાને નિહાળીને સાંભળીએ. અહીં વિવિધ પક્ષીઓનાં મધુર કોલ્સ સાંભળવા મળશે, જે તમને આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકશે. અહીં વિવિધ પક્ષીઓ બ્રીડિંગ માટે પ્રયત્નો કરતા દેખાશે, તો વળી કેટલાક પક્ષીઓ પોતાના બચ્ચાંઓને સંઘર્ષનાં વિવિધ પાઠ ભણાવતા જોવા મળશે. ક્યાંય પણ પક્ષીદર્શન માટે જઈએ તો કેટલીક બાબતોનું ખૂબ જ ધ્યાન રાખવું. જેથી અજાણતાં પણ આપણે કુદરતની કડીમાં વિક્ષેપ ન બનીએ કે નિર્દોષ પક્ષીઓનાં જીવનમાં દખલ કરવાનું કારણ ન બનીએ. સામાન્ય રીતે લોકો જીવદયાનાં નામ પર પક્ષીઓને કંઈક ને કંઈક ખાવાનું આપતા હોય છે, જે સંપૂર્ણ રીતે ખોટું છે. વિદેશી પક્ષીઓનું પાચનતંત્ર માણસ માટે બનાવેલા ખોરાકને પચાવી શકવા સક્ષમ નથી હોતું અને આપણો ખોરાક પણ તેઓને પોષણ આપી શકે એટલો પૌષ્ટિક નથી હોતો. તેઓ કુદરતનાં સંઘર્ષ સામે ટકી રહે એ રીતે જ ઘડાયેલા હોય છે અને તેઓની શિકાર કરવાની ક્ષમતા પણ એ રીતે જ કેળવાયેલી હોય છે. આપણે તેમને ખોરાક આપીને મૂળભૂત શિકાર પદ્ધતિને ગેરમાર્ગે દોરીએ છીએ જે આપણે ન કરવું જોઈએ અને કોઈ કરતું હોય તો પણ તેમને રોકવા જોઈએ. કોઈપણ પ્રકારના ખાદ્ય પ્રદાર્થો આપીને આવા પક્ષીઓને આપણે પાંગળાં બનાવી દઈએ છીએ અને જાણે અજાણે તેમની સાથે અન્યાય કરીએ છીએ, જે ન કરીને આપણે પક્ષીઓનાં વિશ્વને આવકારવું જોઈએ અને તેમને કુદરતી રીતે જ વિકસવા માટેનું વાતાવરણ પૂરું પાડવું જોઈએ. જેથી, આપણે પર્યાવરણ માટે કંઈક સારા પગલાં ભર્યાં ગણાશે. આ સિવાય, પ્લાસ્ટિક કે કોઈપણ જાતનાં માનવસર્જિત પદાર્થથી કુદરતી સ્રોતોને પ્રદૂષિત ન કરવા જોઈએ. કુદરતને આ રીતે આપણે હાથ આપીશું તો કુદરત ચોક્કસપણે આપણને કંઈક વિશેષ જ આપશે.

creativearyans3@gmail.com

('આરણ્યક' તરીકે જાણીતા કૌશિક ઘેલાણી અલગારી રખડપટ્ટી કરીને કુદરતને પોતાના અસ્સલ મિજાજમાં જોતા અને કેમેરામાં કેદ કરતા વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર છે)

‘રાજા મહેન્દ્ર પ્રતાપ એવા સેક્યુલર હતા જે સવારે નમાજ પઢે, બપોરે બૌદ્ધની જેમ જીવે અને સાંજે રામ અને કૃષ્ણનાં ભજન સાંભળે’

ઇતિહાસ ગવાહ હૈ

ડૉ. હરિ દેસાઈ

પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં 17% જાટ વસ્તી હોય અને માથે વિધાનસભાની ચૂંટણી હોય ત્યારે ડિસેમ્બર 1915માં અફઘાનિસ્તાનમાં નિર્વાસિત ભારત સરકાર કે આરઝી હકૂમત સ્થાપનારા જાટ રાજવી મહેન્દ્ર પ્રતાપ સિંહનું એકાએક સ્મરણ સહેતુક થાય એ સમજી શકાય. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ષ 2016માં અફઘાનિસ્તાન ગયા ત્યારે રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહને એમણે ત્યાં યાદ કર્યા હતા. એ પછી તો છેક 15 નવેમ્બર, 2020ના રોજ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને રાજાના નામે અલીગઢમાં એક યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય કરવાનું સૂઝ્યું. એ યુનિવર્સિટીનો શિલાન્યાસ કરવાનો અવસર છેક 14 સપ્ટેમ્બર, 2021ના રોજ આવ્યો. વડાપ્રધાન મોદીના શુભહસ્તે 92 એકર જમીન પર આ સરકારી યુનિવર્સિટી બને અને એની સાથે આ ક્ષેત્રની 395 કોલેજોને જોડાણ અપાય એ કંઈ નાનીસૂની વાત નથી.ઓક્ટોબર 1943માં નેતાજી સુભાષચંદ્ર બોઝે મુખ્યત્ત્વે જાપાનના ટેકે આઝાદ હિંદ સરકાર સ્થાપી હતી એ પહેલાં રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહે બ્રિટિશ વિરોધી જર્મન, તુર્કસ્તાન, રશિયા અને જાપાન સહિતના દેશોના ટેકે કાબુલમાં 1 ડિસેમ્બર, 1915ના રોજ ભારતને બ્રિટિશ ચુંગાલમાંથી મુક્ત કરાવવાના ઈરાદે આરઝી હકૂમત સ્થાપી હતી. એ એના 'રાષ્ટ્રપતિ' બન્યા હતા.

અંગ્રેજોની કૃપા ના ખપે

જો કે, અફઘાનિસ્તાનના રાજવી અંગ્રેજ દબાણ હેઠળ ફસકી જતાં જાન્યુઆરી 1919 લગી જ આ આરઝી હકૂમત ટકી. રાજા મહેન્દ્ર પોતાના બીજા ઘર સમા જાપાનમાં આઝાદ હિંદ ફોજના વડા રાસબિહારી બોઝ અને અન્યોના સહયોગમાં બ્રિટિશ વિરોધી પ્રવૃત્તિ કરતા રહ્યા. ભારતમાં ઉત્તરપ્રાંતનાં પોતાનાં ગામ માટે સતત શિક્ષણ પ્રવૃત્તિ માટે દાન કરવામાં અવ્વલ રહેલા આ ક્રાંતિવીર મહેન્દ્ર પ્રતાપને 32 વર્ષ બાદ બ્રિટિશ સરકારે ભારત આવવાની મોકળાશ કરી આપી. એ ટોક્યોથી 9 ઓગસ્ટ, 1946ના રોજ સિટી ઓફ પેરિસ જહાજ દ્વારા મદ્રાસ (હવેનું ચેન્નઈ) પહોંચ્યા. ત્યાંથી સીધા જ વર્ધા જઈને મહાત્મા ગાંધીને મળ્યા હતા. મૂળે જાટ રાજવી પરિવારના હોવા છતાં લગ્નસંબંધે એ શીખ રજવાડા જિંદના જમાઈ હતા. એમના સાળા મહારાજા રણબીર સિંહ અંગ્રેજોને પક્ષે હતા. એમના થકી વાઇસરોય રાજા પ્રતાપને માફ કરે એવું હોવા છતાં એને એમણે કબૂલ રાખ્યું નહોતું. જાપાનમાં સાળો-બનેવી એકસાથે હોય એવા સંજોગોમાં પણ બંને મળ્યા નહીં હોવાની હકીકત આ મક્કમ મિજાજના ક્રાંતિવીરની પ્રકૃતિ સ્પષ્ટ કરે છે.

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી

કેન્દ્ર સરકાર સંચાલિત અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (AMU) સામે કેન્દ્ર અને રાજ્યના શાસકોને ભારે ગમાઅણગમા હોવાનું સર્વવિદિત છે. એ વિશેના વિવાદવંટોળ ખૂબ ગાજતા રહે છે. આક્ષેપો થાય છે કે, મહેન્દ્ર પ્રતાપે દાનમાં આપેલી જમીન પર અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી ઊભી છે અને છતાં એના થકી રાજા મહેન્દ્ર પ્રતાપનું માન જળવાયું નથી. હકીકતમાં મહેન્દ્ર પ્રતાપના પિતાશ્રી રાજા ઘનશ્યામ સિંહ અને AMUના સંસ્થાપક સર સૈયદ અહમદ ખાન (1817-1898) બંને મિત્રો હતા. સર સૈયદે 24 મે, 1875ના રોજ પોતાનાં સ્વપ્નોના મદરસાનું ઉદઘાટન કરાવ્યું હતું. બે વર્ષ પછી 7 જાન્યુઆરી, 1877ના રોજ મોહમ્મડન એંગ્લો ઓરિએન્ટલ (MAO) કોલેજનો શિલાન્યાસ થયો હતો. 1 ડિસેમ્બર, 1886ના રોજ જન્મેલા રાજા મહેન્દ્ર પ્રતાપના જન્મ પહેલાં તો આ કોલેજ તૈયાર થઈ ચૂકી હતી. રાજા મહેન્દ્ર એના વિદ્યાર્થી પણ રહ્યા હતા. પોતાના પિતા અને સર મિત્રો હોવાથી આ કોલેજમાં પ્રવેશ મળ્યાની વાત એ આત્મકથામાં નોંધે છે. એમના પિતાએ 250 રૂપિયાનું દાન આપ્યાની તકતી હોસ્ટેલના કમરા ક્રમાંક 31 પર છે. એ અભ્યાસ પૂરો ન કરી શક્યા પણ 1977માં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીનો શતાબ્દી સમારંભ ઉજવાયો ત્યારે રાજા મહેન્દ્ર પ્રતાપ એના મુખ્ય અતિથિ હતા. વળી, એમણે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીને 1929માં 90 વર્ષના પટ્ટે આપેલી 3.04 એકર જમીન AMUના મુખ્ય કેમ્પસથી ચાર કિલોમીટર દૂર એક ત્રિકોણીયું છે.

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીની કુલ જમીન તો ઘણી વિશાળ છે. કોંગ્રેસની સરકારોએ રાજા મહેન્દ્ર પ્રતાપને અવગણ્યા છે એટલે હવે એમને મહત્ત્વ અપાઈ રહ્યું છે એવી વાતો ખૂબ વહેતી કરાય છે. નવો ઈતિહાસ રચવાના પ્રયાસો થઈ રહ્યા છે. સદનસીબે મહેન્દ્ર પ્રતાપ (રાજા) થકી 'માય લાઈફ સ્ટોરી ઓફ ફિફ્ટી ફાઈવ યર્સ' નામની 1947માં પ્રકાશિત એમની આત્મકથા અને સંસ્મરણ કથા ઉપલબ્ધ છે, જે જાટ રાજવીને અન્યાય થયાની વાતો કરીને તેમને હિંદુવાદી નેતા તરીકે ખપાવીને રાજકીય લાભ ખાટવાનો પ્રયત્ન થઈ રહ્યો છે તે વ્યક્તિ આખું આયખું હિંદુવાદીઓ - જનસંઘની વિરુદ્ધ રહી. તેમણે મુસ્લિમ સાથીઓના ટેકે પોતાની આરઝી હકૂમત સ્થાપી તથા ચલાવી હતી. શતપ્રતિશત સેક્યુલર વ્યક્તિને પોતીકી ગણાવવા માટે નવાં ચમત્કારિક ઉપજાવી કાઢેલાં સત્યો કરતાં હકીકતો નિરાળી જ છે. વર્ષ 1952ની લોકસભાની ચૂંટણી હારેલા મહેન્દ્ર પ્રતાપ 1957માં લોકસભાની ચૂંટણી જીત્યા હતા. મથુરા-વૃંદાવન બેઠક પર તેઓ અપક્ષ ઉમેદવારી કરી જીત્યા હતા. બીજા ક્રમે કોંગ્રેસના ચૌધરી દિગંબર સિંહ હતા. તેમની સામેના ઉમેદવારોમાં જનસંઘના અટલ બિહારી વાજપેયી પોતાની ડિપોઝિટ પણ ગુમાવી બેઠા હતા અને ચોથા ક્રમે રહ્યા હતા. જો કે, 1957માં અટલજી ત્રણ બેઠકો પર લડ્યા હતા. બે પર હાર્યા હતા અને એક પર જીતીને લોકસભામાં ગયા હતા.





ભારતીય આઝાદીની ચળવળ માટે સતત કાર્યરત એવા રાજા મહેન્દ્ર પ્રતાપ ક્યારેય મુસ્લિમ દ્વેષથી પીડાતા નહોતા. વર્ષ 1932માં શાંતિ માટેના નોબેલ પારિતોષિક માટે તેમનું નામ પ્રસ્તાવિત કરાયું હતું.

કોંગ્રેસે રાજા મહેન્દ્ર પ્રતાપને અન્યાય કર્યાનું ગાણું ગવાય છે પણ રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીથી લઈને રાષ્ટ્રપતિ વી.વી.ગિરી જ નહીં, કોંગ્રેસી નેતાઓ સાથે સતત વિહાર કરતા જોવા મળ્યા છે. રાજા મહેન્દ્ર પ્રતાપ સ્વાતંત્રય સૈનિકોના સંગઠન અને જાટ મહાસભાના પણ અધ્યક્ષ રહ્યા હતા. 29 એપ્રિલ, 1979ના રોજ એમનું 92 વર્ષની વયે નિધન થયું હતું.

પ્રેમના જ ધર્મનું અનુસરણ

રાજા મહેન્દ્ર પ્રતાપ આત્મકથામાં નોંધે છે કે મને કોઈ ધર્મ સાથે કોઈ વિવાદ છે જ નહીં. મારો ધર્મ વાસ્તવમાં તો બધા જ ધર્મોનો સમન્વય છે. મારો ધર્મ એ પ્રેમનો જ ધર્મ છે. એમના ધર્મ, રાજકીય વિચારધારા અને સમાજવ્યવસ્થા અંગેના વિચારો પણ સંકુચિત નથી. એ સર્વસમાવેશક સમાજ રચનામાં ભરોસો કરે છે. પોતાની છબી નીચે એ 'પીટર પીર પ્રતાપ' નામ નોંધવાનું પસંદ કરે છે. રાજા મહેન્દ્ર પ્રતાપના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને એના નેતાઓ સાથેના સંબંધોની નોંધ પણ એમની આત્મકથામાં જોવા મળે છે. મહાત્મા ગાંધી, મદનમોહન માલવિયા, લોકમાન્ય તિલક, પંડિત મોતીલાલ નેહરુ અને પંડિત જવાહરલાલ નેહરુના ઉલ્લેખ મળે છે. વર્ષ 1906માં કોલકાતા ખાતે કોંગ્રેસ અધિવેશનમાં દાદાભાઈ નવરોજી અધ્યક્ષસ્થાને હતા. તિલક અને વડોદરાના મહારાજા ગાયકવાડ પણ મંચ પર હતા. બિપિનચંદ્ર પાલના આગઝરતા ભાષણનો પણ તેઓ ઉલ્લેખ કરે છે.

1910માં પોતે અલાહાબાદ કોંગ્રેસની સ્વાગત સમિતિમાં હતા. મોતીલાલના આનંદ ભવનની વાત પણ એ કરે છે. પોતાના વિદેશ પ્રવાસો અને અફઘાનિસ્તાનના રાજા હબીબુલ્લાહ અને રાજા અમાનુલ્લાહ સાથેના અનુભવોની વાત એ વિસ્તારથી કરે છે. જાપાન, ચીન, જર્મની, રશિયાના શાસકો સાથેની મુલાકાતો અને ભારતીય આઝાદી ચળવળ અંગેની કામગીરીમાં પોતાને મુસ્લિમ મિત્રોનો સતત સાથે મળતો રહ્યાનું એ નોંધે છે. કાબુલમાં એમની આરઝી હકૂમતના બે મુખ્ય સાથી વડાપ્રધાન મૌલવી બરકતુલ્લા અને ગૃહમંત્રી મૌલાના ઉબેદુલ્લા હતા. જાપાનમાં પણ કોબે ખાતે તેમના ઉદાર યજમાન શ્રી અને શ્રીમતી ફતેહ અલી હતાં. સુભાષ ચંદ્ર બોઝની જેમ જ રાજા મહેન્દ્રના નિકટના સાથી મુસ્લિમ હતા. એ સ્પષ્ટ નોંધે છે કે, અમારો પરિવાર રૂઢિચુસ્ત વૈષ્ણવ હોવા છતાં હંમેશાં મુસ્લિમ તરફી રહ્યો છે.

ભારતીય આઝાદીની ચળવળ માટે સતત કાર્યરત એવા રાજા મહેન્દ્ર પ્રતાપ ક્યારેય મુસ્લિમ દ્વેષથી પીડાતા નહોતા. વર્ષ 1932માં શાંતિ માટેના નોબેલ પારિતોષિક માટે તેમનું નામ પ્રસ્તાવિત કરાયું હતું. છેક વર્ષ 1911માં દલિત પરિવાર સાથે ભોજન લેવા જેટલા આ ક્રાંતિકારી સમાજ સુધારકના પ્રપૌત્ર ચરત પ્રતાપ સિંહના શબ્દો ટાંકવા જેવા છેઃ 'મારા પ્રપિતામહ ખરા અર્થમાં સેક્યુલર હતા. એ એવી વ્યક્તિ હતી જે સવારે નમાજ પઢે, બપોરે બૌદ્ધની જેમ જીવે અને સાંજે રામ અને કૃષ્ણનાં ભજન સાંભળે.'

પંડિત નેહરુ અને નેતાજી બોઝની જેમ જ રાજા મહેન્દ્ર પ્રતાપ બોલ્શેવિક ક્રાંતિથી પ્રભાવિત થયા હતા. એમણે પહેલા અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જર્મન અને જાપાનીઓ સાથે કામ કર્યું પણ એમનો હેતુ ભારતને આઝાદી અપાવવાનો જ હતો.

haridesai@gmail.com

(લેખક વરિષ્ઠ પત્રકાર, કટારલેખક અને રાજકીય વિશ્લેષક છે)

બાળકના મૂળભૂત અધિકારો

બાળકનો શારીરિક, માનસિક, નૈતિક, આધ્યાત્મિક અને સામાજિક વિકાસ સ્વસ્થ રીતે થવો જોઇએ

એક માતા પોતાના 6 વર્ષના દીકરા માટે એક ચાઈલ્ડ-ફ્રેન્ડલી સ્કૂલ શોધી રહી છે. તે કે.જી.માં હતો ત્યારે ભૂલથી પોતાની પેન્ટમાં બાથરૂમ કરવાના લીધે તેને ત્યાંના એક સ્ટાફના સભ્ય બહુ બોલ્યા હતા. આનાથી તે એટલો ડરી ગયો કે તેણે ચુપ્પી સાધી લીધી અને સ્કૂલ જવાનું જ બંધ કરી દીધું. હાલ એ છોકરાને આ ટ્રોમામાંથી બહાર કાઢવા માટે તેનું કાઉન્સેલિંગ કરવામાં આવી રહ્યું છે. આવો જ એક બીજો અનુભવ એક 8 વર્ષની છોકરીનો છે, જેને પેટમાં ગડબડ થઈ હોવા છતાં બાથરૂમ નહોતી જવા દીધી. આનાથી એ બાળકના કોમળ મનને એટલી ઊંડી અસર થઇ કે તેને ક્રોનિક બીમારી થઈ ગઈ અને સ્કૂલ માટે એક જાતનો ફોબિયા (ડર) એના મનમાં બેસી ગયો, જેને કાઢવા માટે તેનું કાઉન્સેલિંગ કરવું પડ્યું.

સાચું કહું તો આવા બનાવો અસામાન્ય નથી. આપણે માનવ અધિકારો, પ્રાણી અધિકારો, મહિલાઓના અધિકારો, લઘુમતીના અધિકારો વગેરે ઉપર ખૂબ ચર્ચા કરીએ છીએ પણ બાળ અધિકારો જેવા સંવેદનશીલ વિષય ઉપર આપણે ભાગ્યે જ વિચારીએ છીએ.

અહીં હું શિક્ષણના સંદર્ભમાં રજૂઆત કરીશ. ડેક્લેરેશન ઓફ ધ રાઈટ્સ ઓફ ધ ચાઈલ્ડ (બાળકના અધિકારો વિશેનો એકરાર) જેને UN (સંયુક્ત રાષ્ટ્રો)ના જનરલ અસેમ્બલી રિઝોલ્યુશન (1959)માં અપનાવવામાં આવ્યું છે અને જેને ભારતે સમર્થન આપ્યું છે તે એક ખુશાલ બાળપણના અધિકારને મહત્ત્વ આપે છે.

આના આર્ટિકલ-2ના પ્રમાણે, બાળકને એવી તકો અને સુવિધાઓ આપવી જોઈએ જેમાં તેનું શારીરિક, માનસિક, નૈતિક, આધ્યાત્મિક અને સામાજિક વિકાસ સ્વસ્થ અને સામાન્ય રીતે થાય અને એ પણ એવી પરિસ્થિતિમાં જેમાં તેની સ્વતંત્રતા અને પ્રતિષ્ઠા જળવાયેલી રહે, પણ શું હકીકતમાં આવું થઈ રહ્યું છે? ખૂબ જ દુઃખથી કહેવું પડે છે કે આજના દિવસમાં પણ ઘણી સ્કૂલોમાં બાળકોને વસ્તુ અથવા પ્રાણીઓની જેમ ટ્રીટ કરવામાં આવે છે. ગરમી હોય કે ઠંડી, સ્કૂલના બાળકોને ભેડ-બકરાંની જેમ ટોળાંમાં ભેગાં કરીને એવા મહાનુભાવો માટે કરેલાં ફંક્શન માટે તૈયાર કરવામાં આવે છે જેમાં તે મહાન હસ્તી તો ક્યારેય ટાઇમસર આવતી જ નથી... હવે આનાથી વધુ દારુણ શું હોઈ શકે?

'પ્રતિષ્ઠા જળવાયેલી રહે'નો અર્થ એ છે કે બાળકને પોતાની શારીરિક જરૂરિયાતો પુરી પાડવાનો હક આપવો. બાળકને હક છે બાથરૂમ જવાનો અને તરસ લાગે ત્યારે પાણી પીવાનો. ભલે ને પછી તે ક્લાસમાં જ કેમ ન હોય. બાળકને પોતાની આ મૂળભૂત જરૂરિયાતો પુરી ન કરવા દેવી એ માનવ અધિકારોનું ઉલ્લંઘન છે. છતાંય ઘણી સ્કૂલ્સમાં બાળકો પોતાના આ મૂળ હકો નથી મેળવી શકતા. ઘણા સ્કૂલના શિક્ષકોનું માનવું એવું છે કે જો તેઓ બાળકને બાથરૂમ જવા માટે ક્લાસમાંથી બહાર જવાની પરવાનગી આપશે તો બાળક ક્લાસમાંથી નાસી જશે, પણ અહીં યાદ રાખવા જેવી વાત એ છે કે જો ક્લાસ ખરેખર રસપ્રદ અને એન્ગેજિંગ હશે તો બાળક ક્યારેય બાથરૂમ જવાનું બહાનું કાઢીને છટકવાનો પ્રયત્ન નહીં કરે. આનો સાચો ઉકેલ એ છે કે દરેક ક્લાસના વિદ્યાર્થીઓના આંકડામાં ઘટાડો કરવો અને તેમને પોતાની પાણીની બોટલ પોતાની પાસે રાખવાની મંજૂરી આપવી. જેથી, તેમને જ્યારે તરસ લાગે ત્યારે તેઓ શાંતિથી ત્યાં જ પાણી પી શકે. આપણે બધાએ એક વસ્તુ યાદ રાખવી જોઈએ કે બાળકોને હક છે હસવાનો, બગાસાં ખાવાનો, હાથ-પગ લાંબા કરવાનો અને ક્લાસમાં વાત કરવાનો...આ કોઈપણ પ્રવૃત્તિ સજાને પાત્ર નથી. પ્રાઈમરી સ્કૂલનાં બાળકોને કંટાળાજનક ક્લાસમાં બેસાડી રાખવા અને એ પણ હલ્યા-ડોલ્યા વગર, વાતચીત કર્યા વગર અને પાણી પીધા વગર એ તેમના અધિકારોનું ઉલ્લંઘન છે.

પોઝિટિવ પેરેન્ટિંગ

ડૉ. અંજુ શાઝો

શારીરિક સજા આપવી પ્રતિબંધિત છે, છતાંય હિંસાના બીજાં અનેકો સ્વરૂપો છે, જે વાલીઓ અને શિક્ષકો અજાણતાં જ બાળકોને આપી રહ્યાં છે. જેમ કે, બધાની વચ્ચે તેના વિશે અપમાનજનક ટિપ્પણીઓ કરવી કે પછી બાળકને એક એવી નજરથી જોવું જે તેના આત્મવિશ્વાસને તોડી નાખે. એક પ્રખ્યાત આર્ટિસ્ટ અને સ્પિરિચ્યુઅલ હીલરે શૅર કર્યું કે કઈ રીતે બાળપણમાં એના એક શિક્ષકે એને એમ કહ્યું કે ગમે તે થાય એ ક્યારેય સારું દોરી નહીં શકે. પરિણામે આ વાતને સત્ય સમજીને આ નાની છોકરીએ ચિત્રો દોરવાનું જ બંધ કરી દીધું પણ સદભાગ્યે મોટા થયા પછી એવા સંજોગો ઊભા થયા જેના લીધે તે પોતાની આ કલા સાથે ફરી જોડાઈ શકી અને આગળ જઈને તેને આ ક્ષેત્રે ઘણી પ્રસિદ્ધિ પણ મળી!

મહામારી અને ઓનલાઈન ક્લાસના જમાનામાં કદાચ બાળકોને વધુ સ્વતંત્રતા મળી છે. એવું પણ સાંભળવા મળ્યું છે કે બાળકો પથારીમાં સૂતાં-સૂતાં ક્લાસ અટેન્ડ કરે છે અને તેમના વાલીઓ પણ ઓફિસની મીટિંગ પાયજામામાં અટેન્ડ કરે છે. જ્યારે મન ફાવે ત્યારે તેઓ ખાઈ શકે છે, પી શકે છે અને જરૂરિયાત હોય તો ઓફ-સ્ક્રીન પણ જઈ શકે છે. ભૌતિક ક્લાસરૂમમાં પણ આ સ્માર્ટ બાળકોએ ધ્યાનથી સાંભળવાનું નાટક કરતાં-કરતાં પોતાના મનને બીજે રખડવા માટે છુટું મૂકીને કોમિક વાંચવાની કે પછી ડૂડલ કરવાની કલા શીખી જ લીધી હતી. હવે એ લોકોએ સ્ક્રીન ઉપર ધ્યાન આપવાનું ઢોંગ કરવાની સાથે ચેટિંગ અથવા વીડિયો ગેમ રમવાનું પણ શીખી લીધું છે. અહીં મુદ્દાની વાત એ છે કે ભૌતિક ક્લાસરૂમમાં કે ઓનલાઈન ક્લાસરૂમમાં બાળકો હજી એટલાં ઊંડાણથી એન્ગેજ નથી થઈ રહ્યાં. આ મને લઈ જાય છે UN ડેક્લેરેશન ઓફ ધ રાઇટ્સ ઓફ ધ ચાઈલ્ડના આર્ટિકલ 7 તરફ, જેમાં જણાવવામાં આવ્યું છે કે બાળકને તે રમત અને મનોરંજન માટે પૂરી તક મળવી જોઈએ જેનો હેતુ શિક્ષણ હોય. સમાજ અને જાહેર અધિકારીઓએ સતત પ્રયત્ન કરવો જોઈએ કે બાળક પોતાના આ હકનો લાભ લઈ શકે.

એક વાલી તરીકે તમે પોતાની જાતને પૂછો કે જે પણ તમને તમારી અભ્યાસ પુસ્તિકામાં બળજબરાઈથી ગોખવવામાં આવ્યું હતું, શું તે આગળ જઈને તમને કોઈપણ રીતે ઉપયોગી થયું? વિશ્વાસ કરો તમારો જવાબ તમારા માટે પણ આશ્ચર્યજનક નીવડશે! આપણે બધાએ યાદ રાખવાની જરૂર છે કે બાળકોને હક છે એવું શિક્ષણ મેળવવાનો જે શીખવામાં આનંદદાયક હોય, એક વધુ સારા શિક્ષણશાસ્ત્રની અને એક એવા ક્લાસરૂમ અનુભવની જે બાળક માટે અર્થપૂર્ણ અને ઉપયોગી હોય. તો છો તમે સજ્જ તમારા બાળકને એના આ હક આપવા માટે...?

મુદ્દાની વાત એ છે કે શું આ બધું ત્યારે જ શક્ય છે જ્યારે સ્કૂલ રાબેતા મુજબ શરૂ થાય? શું આપણે એવો પ્રયત્ન ન કરી શકીએ કે હાલની ઓનલાઈન ક્લાસની પરિસ્થિતિમાં પણ આપણે બાળકને તેના આ પાયાના હક આપીએ? આશા રાખીએ કે નેશનલ એજ્યુકેશન પોલિસી 2020 - જે હોલિસ્ટિક (સર્વગ્રાહી) અને આનંદદાયક, ટ્રાન્સ-ડિસિપ્લિનરી એજ્યુકેશનને પ્રમોટ કરે છે તે આ પરિવર્તન લઈને આવે.

(લેખિકા જાણીતાં શિક્ષણવિદ્ અને મહાત્મા ગાંધી ઈન્ટરનેશનલ સ્કૂલ, અમદાવાદનાં સ્થાપક છે)

નોંધ: લેખ સાથે મૂકેલી તસવીર પ્રતીકાત્મક છે.

પરીક્ષાની તૈયારી કરવા મહેનત સાથે સ્માર્ટ વર્ક કરો, તો

તમને સફળ થતાં કોઈ નહીં રોકી શકે



મનન કી બાત

ડૉ. મનન ઠક્કરાર

રોહન બારમા ધોરણમાં ભણતો વિદ્યાર્થી છે. લાખો બાળકોની જેમ એને પણ ડોક્ટર બનવું છે. આ પ્રશ્ન કદાચ દરેક બાળક અને મા-બાપના મનમાં હોય છે કે શું ભણવાની એક સાચી અને ચોક્કસ રીત છે? જે રીતે હું અથવા મારું બાળક વાંચે તો એને સારું પરિણામ મળશે જ મળશે? મેં પોતે હજારો એવાં બાળકો જોયાં છે જે ખૂબ મહેનત કરે. પરંતુ પરિણામ ન મેળવી શકે. આપણે સાંભળીએ છે કે સ્માર્ટ વર્ક કરવું પણ સ્માર્ટ વર્ક એટલે શું?

તો આજે આપણે કેટલીક એવી ટેક્નિક વિશે વાત કરીશું કે જે તમે ફોલો કરો તો તમને ચોક્કસપણે અતિ ઉત્તમ પરિણામ મળશે.

1. નોટ્સ કઈ રીતે બનાવવી?

- નોટ્સ હંમેશાં પોઈન્ટ વાઈઝ જ બનાવવી.
- કોઈ એક વિચાર એક બુલેટ પોઈન્ટ વડે સૂચવવો.
- આપણા જવાબોમાં પણ હંમેશાં ફકરાઓ કરતાં પોઈન્ટ વાઈઝ જ લખવું
- આ સાથે બને એટલાં કોન્સેપ્ટવાળા ચિત્રો બનાવવાં.
- તમે ભલે ચિત્રકામમાં ખૂબ સારા ન હો, પરંતુ હંમેશાં યાદ રાખવું કે પરીક્ષા ચિત્રકળાની નથી.

2. એક્ટિવ રિકોલ એટલે શું?

જ્યારે આપણે પુસ્તકમાંથી નોટ્સ વાંચીએ તો પહેલું વાંચન વાર્તાની જેમ કરતાં કરતાં નોટમાં જવાબો અથવા પોઈન્ટ ન લખવા. પરંતુ પ્રશ્નો લખવા.

એક વાર એ ટોપિક વાંચી લીધા બાદ દર વખતે એ ટોપિક વાંચવા કરતાં એ ટોપિક બાબતે લખાયેલા પ્રશ્નો જ વાંચવા અને પોતાની રીતે જવાબ આપવાનો પ્રયત્ન કરવો.

જે પ્રશ્નોનો જવાબ બરાબર ન આવડે એ માર્ક કરી લેવા. આ રીતે જ્યારે પણ તમે એ ટોપિક અડશો ત્યારે તમે પોતાની પરીક્ષા લેશો અને એટલે જો પરીક્ષામાં તમને એ પ્રશ્ન પૂછાશે તો તમને નવો નહીં લાગે કારણ કે, એવા કોઈ પ્રશ્નો જ નહીં હોય જે તમે પોતાને નહીં પૂછ્યા હોય.

3. સ્પેસ રિપીટેશન એટલે શું?

આપણે હંમેશાં પોતાનાં મનને એવું કહીને મનાવતાં હોઈએ છીએ કે 'હું એકવાર વાંચું પરંતુ સારું વાંચું. એ સાચી રીત નથી.

વધારે વાર વાંચવું, પછી ભલે એ સંપૂર્ણ રીતે સંતોષકારક ન હોય પણ એ વધુ ઉપયોગી બને છે.

આ પ્રમાણે જ્યારે પણ તમે કોઈ ટોપિક રિવાઈઝ કરો ત્યારે પોતાને પ્રશ્નો પૂછતા રહો તો તમને સફળ થતાં કોઈ રોકી નહીં શકે.

મન: આપણું મગજ ખૂબ જ શક્તિશાળી છે. પરંતુ એ કઈ રીતે કામ કરે છે અને કઈ રીતે નથી કરતું એ એકવાર શીખી જઈશું તો ચોક્કસ એ આપણી સામે નહીં, આપણી સાથે કામ કરશે.

mananrthakrar@gmail.com

(લેખક સાઈકાયટ્રિસ્ટ અને અચ્છા સ્ટેન્ડઅપ કોમેડિયન છે)